પગાર રક્ષિત કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક-૧૦૨૦૧૪-યુ.ઓ.૪૧૪-ચ
સચિવાલય,ગાંધીનગર
તા. ૧૯-૦૮-૨૦૧૪

વંચાણે લીધો :-

( ૧ ) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક – પગર-૧૦૯૩-૮૭૧-ચ-તા.૧૭-૬-૯૪

આમુખ

ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૨૩ ની જોગવાઇ મુજબ સરકારી કર્મચારી એક સરકારી સેવામાં સેવા બજાવતાં હોય અને જ્યારે ગુજરાત જાહેર સેવા આયોગ અથવા માનનીય ભરતી પધ્ધિત દ્વારા પસંદગી પામી રાજ્ય સરકારના અન્ય ખાતા કે કચેરીમાં સમાન કે ઉંચા પગાર ધોરણવાળી જગ્યાએ નિમણૂંક પામે ત્યારે તેના પગારને રક્ષણ આપવામાં આવેછે.

નાણા વિભાગના પેન્શન પ્રભાગના તા.૧૦-૦૪-૧૩ ના ઠરાવથી જોગવાઇ કરવામાં આવેલ છે કે કેન્દ્ર સરકારની સેવામાંથી નિયમોનુસાર ફરજ મુક્ત થઇને અથવા તકનિકી કારણોસર રાજીનામુ મુકીને રાજ્ય સરકારની સેવામાં જોડાય તો કર્મચારીને પેન્શન ( જુની પેન્શન યોજનાનો ) નો લાભ આપવામાં આવે છે.

કેન્દ્ર સરકારની કચેરીમાંથી રાજ્ય સરકારની કચેરીમાં માન્ય પધ્ધિતથી નિમણૂક પામે તો પગાર રક્ષણ નો લાભ આપવામાં આવતો નથી. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા જરૂરી વિચારણા કરવામાં આવેલ છે.

ઠરાવ

કેન્દ્ર સરકારની સેવા અને રાજ્ય સરકારની સેવા સળંગ ગણીને પગાર રક્ષણ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે કર્મચારી/અધિકારી કેન્દ્ર સરકારની સેવામાંથી રાજ્ય સરકારની સેવામાં જોડાય તો ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૨૩ ની જોગવાઇને આધિન પગાર રક્ષણ આપવાનુ રહેશે.

વર્ગ -૩ ના કર્મચારીના કિસ્સામાં રાજ્ય સરકારે ફિક્સ પગારથી નિમણૂંક આપવાની નીતિ નક્કી કરેલ છે. જેથી કેન્દ્ર સરકારના કર્મચારી રાજ્ય સરકારની સેવામાં નિમણૂંક પામે તો પાંચ વર્ષ બાદ ફિકસ પગારમાંથી નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક પામે ત્યારે પગાર રક્ષણનો લાભ મળશે

પાંચ વર્ષની ફિકસ પગારની નિમણૂંક દરમિયાનના કોઇ પણ પ્રકારના નોશનલ ઇજાફા મળવાપાત્ર થશે નહી.

આ ઠરાવ રવાનગી તારીખથી અમલમાં આવશે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એચ.ડી.સેઠલર )
સંયુકત સચિવ
નાણા વિભાગ

પ્રતિ

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,
- રજીસ્ટ્રાર ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો,

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, પો.બો.નં. ૨૨૦, રાજકોટ-૩૬૦ ૦૦૧

એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ) ગુજરાત, એનેક્ષી બિલ્ડીંગ,પો.બો.નં. ૨૭, રાજકોટ/અમદાવાદ

સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓ.

પગાર અને હિસાબી અધિકારી, નર્મદા યોજના ગાંધીનગર/વડોદરા.

સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ,

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી.એ.ટી., ગાંધીનગર.

નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સર્વે માન્ય મંડળો (પંચાયત સેવાના એસોસિએશનો સહિત)

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.

- પત્ર દ્વારા.

[illegible]